# Official Spokesperson's response to media queries on recent developments in Kazakhstan

January 10, 2022

# કઝાખસ્તાનની તાજેતરની ઘટનાઓ વિશે મીડિયાના પ્રશ્નો પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

જાન્યુઆરી 10, 2022

**કઝાખસ્તાનની તાજેતરની ઘટનાઓ અંગે મીડિયાના પ્રશ્નોનો જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું:**

"કઝાખસ્તાનની તાજેતરની ઘટનાઓ પર ભારત બારીક નજર રાખી રહ્યું છે. હિંસામાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકોના પરિવારો પ્રત્યે અમે સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ. કઝાખસ્તાનના નિકટના અને મૈત્રીપૂર્ણ ભાગીદાર તરીકે અમે પરિસ્થિતિ ઝડપથી શાંત થાય તેવી આશા રાખીએ છીએ.

સત્તાવાળાઓ સાથે સંકલન કરવાથી અમને ભારતીય નાગરિકોની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવામાં મદદ મળી છે. તેમને સ્થાનિક સુરક્ષાની સૂચનાઓને અનુસરવા અને કોઈ પણ મદદ માટે ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે."

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 10, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.